| કેસ દાખલ  તારીખ: | ૦૭–૧૦–૨૦૨૨ | | |
|---|---|---|---|
| કેસ રજીસ્ટર્ડ કર્યા તારીખ: | ૦૭–૧૦–૨૦૨૨ | | |
| કેસ નિકાલ કર્યા તારીખ: | ૧૧–૦૯–૨૦૨૫ | | |
| સમય અવધિ: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૦ | ૦૫ |

## મે. વિજાપુરના એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં,

## મુ. વિજાપુર, જી. મહેસાણા

ફોજદારી કેસ નં.૧૬૦૬/૨૦૨૨
આંક– ૨૨

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** : **સંદિપસિંહ ઉર્ફે લાલો ગોપાલસિંહ ઝાલા, ઉ.વ.૪૦**
મુળ રહે. સિંહોર રામજી મંદિર સામે વાંટા વાસ,
તા. દેત્રોજ, જિ.અમદાવાદ.

**ગુન્હો** : ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ મુજબ.

---

સરકાર તરફે: વિ.એ.પી.પી.શ્રી : **કુ. બી.આર. કેપ્ટન**
આરોપી તરફે: વિ.વ.શ્રી : **એસ.જી. સિપાઈ**

---

**:: ઠ રા વ ::**

**(૦૧)**.. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ગઈ તા. ૨૦/૦૬/૨૦૨૨ ના સવારના નવેક વાગ્યાથી બપોરના એકાદ વાગ્યા સુધીના કોઈ પણ સમયે મોજે. વિજાપુર કેશવ પ્લાજા કોમ્પલેક્ષની બાજુમાં આવેલ પાર્કિંગ વાળી જગ્યાએથી ફરી.શ્રીનું

પાર્ક કરેલ મો.સા. રજી.નં.GJ-02-BA-6141 કે જેનો એન્જી નં.JC36E2271873 તથા ચેચીસ નં. ME4JC36CBB8182951 નું કાળા કલરનું જેની આશરે કીં.રૂા.૧૫,૦૦૦/- ની ગણાય જે ચોરી કરી લઈ જઈ પાછળથી પકડાઈ જઈ ગુન્હો કરેલ, તે બાબતની ફરીયાદ, ફરીયાદી ધ્વારા આપવામાં આપતા સદરહુ ફરીયાદ વિજાપુર પોલીસ સ્ટેશનમાં પાર્ટ-એ ૧૧૨૦૬૦૭૪૨૨૦૩૪૯/૨૦૨૨ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯ મુજબ આ કામના આરોપી વિરૂધ્ધ નોંધવામાં આવેલ. જે પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી સદર ગુનાની તપાસ કરી,તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, પંચો રૂબરૂ પંચનામાં કરી, આરોપીની અટક કરી સમગ્ર તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરેલ.

(૦૨).. આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી હાજર થતા સી.આર.પી.સી. કલમ-૨૦૭ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કરી, ત્યાર બાદ આરોપી વિરૂધ્ધ આંક-૦૭ થી તહોમતનામુ ફરમાવી તે અનુસંધાને આંક-૦૮ થી આરોપીનો જવાબ રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેના ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૦૩)..ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>મૌખિક પુરાવા</u>**

| ક્રમ | વિતગ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ શીવાભાઈ દયાસાગરની જુબાની | ૧૭ |
| ૨ | ફરીયાદી પટેલ રોહનકુમાર વિક્રમભાઈની જુબાની | ૧૯ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| ક્રમ | વિતગ | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૮ |

| | | |
|---|---|---|
| ૨ | અસલ ફરીયાદ | ૨૦ |

**(૦૪) ..** આ કામે ફરીયાદપક્ષે આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરવા માંગતા નથી તેમ મૌખિક જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે.

ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં રેકર્ડ જોતાં આરોપીનું ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ –૩૧૩ અન્વયેનું નિવેદન લેવાની જરૂર જણાતી ન હોય લેવામાં આવેલ નથી. ત્યાર બાદ ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.**શ્રી કુ. બી.આર. કેપ્ટન**નાઓને સાંભળ્યા.

**(૦૫)..** સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૨૦/૦૬/૨૦૨૨ ના સવારના નવેક વાગ્યાથી બપોરના એકાદ વાગ્યા સુધીના કોઈ પણ સમયે મોજે. વિજાપુર કેશવ પ્લાજા કોમ્પલેક્ષની બાજુમાં આવેલ પાર્કિંગ વાળી જગ્યાએથી ફરી.શ્રીનું પાર્ક કરેલ મો.સા. રજી.નં.GJ-02-BA-6141 કે જેનો એન્જી નં.JC36E2271873 તથા ચેચીસ નં. ME4JC36CBB8182951 નું કાળા કલરનું જેની આશરે કીં .રૂા.૧૫,૦૦૦/– ની ગણાય જે ચોરી કરી લઈ જઈ પાછળથી પકડાઈ જઈ ગુન્હા કરી, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૦૬) ..** ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**(૦૭)** .. ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**<u>મુદ્દા નંબર–૧</u> :**

**(૦૮)..** પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોય, ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં **આંક–૧૭** થી પંચ સાહેદ શીવાભાઈ દયાસાગરને સોગંદ ઉપર તપાસતાં તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, આજથી આશરે દોઢેક વર્ષ અગાઉ તેઓને વિજાપુર પોલીસે પોલીસ સ્ટેશન બોલાવી તેઓનું નામ ઠામ પૂછી એક તૈયાર લખેલા કાગળ પર સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. સહી કરતા અગાઉ તેઓએ તે કાગળ વાંચેલા નહિ કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નહિ સહિ કર્યા સીવાય બીજુ કંઈ જાણતો નથી. સદર પંચ સાહેદને પોલીસ પેપર્સમાંથી અસલ પંચનામુ બતાવતાં જેમાં પંચ નં–ર તરીકે તેઓની સહી ઓખળી બતાવે છે. જે આ કામે આંક–૧૮ થી રજૂ છે. આમ, સદર પંચ સાહેદ ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા ન હોઈ, વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી આપવા છતાં તેઓ કોઈ હકીકત કઢાવી શકેલ નથી.

ત્યાર બાદ પોકાર કરતાં આરોપીના વિ.વ.શ્રી હાજર ન હોઈ આરોપીનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ.

**(૮.૧)..** વધુમાં ફરીયાદ પક્ષે **આંક–૧૯** થી ફરીયાદી પટેલ રાહેનકુમાર વિક્રમભાઈ ને સોગંદ ઉપર તપાસતાં તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, તેઓ વિજારપુર મુકામે કૃષ્ણનગર સોસાયટી ખાતે તેઓના પરિવાર સાથે રહે છે અને વિજાપરુ આસ્થા પેટ્રોલપંપની બાજુમાં કેશવ પ્લાઝા કોમ્પ્લેક્ષમાં અલ્ટીયા એન્ટર પ્રા.લી કંપનીમાં નોકરી કરે છે. તેઓના પરિવારમાં તેઓના પિતા વિક્રમભાઈ, માતા રમીલાબેન , પત્નિ અનીશાબેન અને મોટા ભાઈ જયેશભાઈ છે. તેઓને સને ૨૦૧૧ની સાલમાં તેઓના ભાઈ જયેશભાઈના નામથી હોન્ડા કંપનીનુ કાળા કલરનુ સાઈન મોટર સાઈકલ ખરીદેલ જેનો રજીસ્ટ્રેશન નંબર જીજે ૦૨ બીએ ૬૧૪૧ નો હતો અને તે બાઈકનો ઉપયોગ તેઓ કરતા

હતા. ગઈ તા. ૨૦/૬/૨૨ ના રોજ સવારે આ બાઈક લઈને તેઓ નોકરી ગયેલ અને ત્યાં પાર્કિંગમાં મોટર સાઈકલ લોક કરીને ઓફીસે ગયેલ અને બપોરે એકાદ વાગે જમવા નીચે આવતા તેઓનું મોટર સાઈકલ પાર્કિંગવાળી જગ્યાએ જણાયેલ નહી અને આજુબાજુ તપાસ કરેલ પરંતુ મળી આવેલ નહી. જેથી આ બનાવ બાબતે તા.૨૮/૬/૨૨ ના રોજ તેઓએ પોલીસમાં ફરિયાદ આપેલ. સદર ફરીયાદીને પોલીસ પેપર્સ માંથી અસલ ફરીયાદ બતાવતાં જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. જે આ કામે આંક-૨૦ થી રજૂ છે. આ ચોરી કોણે કરેલ તેની તેઓને આજદિન સુધી ખબર પડેલ નથી. તેઓને મોટર સાઈકલ નામદાર કોર્ટના હુકમથી પરત મળેલ છે.

ત્યાર બાદ પોકાર કરતાં આરોપીના વિ.વ.શ્રી હાજર ન હોઈ આરોપીનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ.

**(૦૯)..** આ કામે ફરિયાદ પક્ષે મહત્વના સાક્ષીઓ તપાસ્યા બાદ અને મુળ ફરિયાદી તરફે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય અને હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોય તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં, નામ.સુપ્રિમકોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫, ‘‘સતીષ મહેરા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન˜˜તથા (૨૦૦૮)૯, એસ.સી.સી., ૬૭૭, ‘‘ નિખિલ મરચન્ટ વિ.સી.બી.આઈ.˜તથા (૨૦૦૮)૪, એસ.સી.સી., ૫૮૨, ‘‘મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે, જ્યારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શકયતા જણાતી ન હોય ત્યારે, કોર્ટે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફ્યુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિદ્ધાંત ધ્યાને લઈ, ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો કરવામાં આવેલ છે.

**(૧૦)..** આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સંપૂર્ણ દસ્તાવેજી પુરાવા તથા મૌખિક પુરાવાઓ ધ્યાને લેતાં આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૭ તપાસેલ પંચ સાહેદ

હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેઓએ તેમની જુબાની દરમ્યાન રજૂ થયેલ પંચનામાંને સમર્થન આપેલ નથી, જેથી પંચનામાંની હકીકતને સદર પંચ સાહેદની જુબાનીથી સમર્થન મળતું નથી. વધુમાં આ કામે આંક-૧૯ થી તપાસેલ ફરીયાદી તેઓની સરતપાસમાં જણાવે છે કે, આ ચોરી કોણે કરેલ તેની તેઓને આજદિન સુધી ખબર પડેલ નથી. તેઓને મોટર સાઈકલ નામદાર કોર્ટના હુકમથી પરત મળેલ છે. આમ, સદર ફરીયાદીની જુબાનીથી આરોપી સામે આક્ષેપિત ગુનાની હકીકતને સમર્થન મળતું નથી. આમ, ફરિયાદ પક્ષ ફરિયાદની હકીકતો સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ કામે રેકર્ડ પર આવેલ પુરાવો જોતાં એ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી કે, આરોપીએ ઈ.પી.કો.કલમ-૩૭૯ હેઠળનો ગુન્હો કરેલ હોય. જે સંબંધે રેકર્ડ પરના પુરાવાઓ જોવામાં આવે તો, સાહેદની જુબાની જોતાં, એવી કોઈ હકીકત જણાવતા નથી કે, જેથી આરોપીઓને ઈ.પી.કો.કલમ-૩૭૯ હેઠળ તકસીરવાન ઠરાવી શકાય.

હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદ પક્ષ આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીઓને ગુન્હા સાથે સાંકળી શકાય તેમજ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીઓએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઈ શકે, જેથી ઉપર મુજબ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

<u>:: આખરી હુકમ ::</u>

- આ કામના આરોપી **સંદિપસિંહ ઉર્ફે લાલો ગોપાલસિંહ ઝાલા,**મુળ રહે. સિંહોર રામજી મંદિર સામે વાંટા વાસ,તા. દેત્રોજ, જિ.અમદાવાદઓને સી.આર.પી.સી.ની

કલમ– ૨૪૮ (૧) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭–એ અન્વયે આરોપીના જામીન અપીલ સમય સુધી લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

– મુદ્દામાલ વચગાળાનો કરેલ હુકમ કાયમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ: ૧૧/૦૯/૨૦૨૫
સ્થળ: વિજાપુર

**(એસ.એસ.અજમેરી)**
એડી.જયુડીશ્યલ.મેજી. ફ.ક.
વિજાપુર
કોડ નં.જીજે.૦૧૫૨૫